# "વ્યાપક વૃક્ષારોપણ અભિયાન અને કિસાન ગોષ્ઠી"

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – ન્યુ દિલ્હી દ્વારા પુરસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી – નવસારી દ્વારા સંચાલિત તાપી જિલ્લાનું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર દ્વારા તા.૧૭/૦૯/૨૦૧૯ નાં રોજ ઈફકોનાં સહયોગ સાથે કેવીકે, તાપીમાં વ્યાપક વૃક્ષારોપણ અભિયાન અને કિસાન ગોષ્ઠી કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં કેવીકેનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ.સી.ડી.પંડયાએ આ કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું તેમજ મહાનુભાવોનું અને ખેડૂતોનું સ્વાગત કર્યું. તેમણે ભેજ સંરક્ષણ દ્વારા શિયાળુ ઋતુમાં પાકોનું આયોજન વિશે પણ માહિતી આપી. મુખ્ય અતિથિ એવા એગ્રીકલ્ચર પોલીટેકનીકનાં આચાર્ય ડૉ.એન.એમ.ચૌહાણે વૃક્ષારોપણ વિશેની માહિતી આપી તેમજ ખેડૂતોને તેમનાં ઘરની આજુબાજુ તથા ખેતરની ફરતે વધારે વૃક્ષો વાવવાં ઉપર ભાર મૂકયો. પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્રના વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ.વી.પી.પટેલે પણ ખેતી સાથે બાગાયતી પાકોનાં વાવેતરનું મહત્વ સમજાવ્યું. બાગાયત વૈજ્ઞાનિક ડૉ.ધર્મિષ્ઠા પટેલે જમીન અને જળ સંરક્ષણનું મહત્વ સમજાવ્યું તથા વૃક્ષારોપણનું પર્યાવરણમાં મહત્વ અંગે પણ વિગતવાર માહિતી આપી. ઈફકો તાપીનાં સીનીયર માર્કેટીંગ મેનેજર, શ્રી એન.એમ.ગજેરાએ ઈફકો દ્વારા બનતા અલગ અલગ ખાતરો વિશેની માહિતી આપી. આ કાર્યક્રમમાં પ્રશ્નોત્તરીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મહાનુભાવો દ્વારા જુદાં જુદાં કુલ ૫૦૦ એગ્રોફોરેસ્ટ્રી અને ફળ ઝાડો જેવાં કે સપ્તપર્ણી, જમરૂખ, આમળા, આસોપાલવ, કાજુ અને જાંબુનું ખેડૂતોમાં વિતરણ કરવામાં આવ્યું. તેમજ ૩૦ જેટલા ઝાડોનું કેવિકે પરીસરમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તાપી જિલ્લાનાં બાર ગામડાઓમાંથી કુલ ૨૦૫ ખેડૂત મહિલા અને ખેડૂતોએ આ કાર્યક્રમમાં હોંશભેર ભાગ લીધો હતો. બાગાયત વૈજ્ઞાનિક ડૉ.ધર્મિષ્ઠા પટેલ દ્વારા આભાર વિધિ કરવામાં આવી તેમજ કાર્યક્રમનું સંચાલન પશુવિજ્ઞાનના વૈજ્ઞાનિક ડૉ.જે.બી.બુટાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

